©



सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 29th OCTOBER, 2026/KARTIKA 07, 1948 [ Issue No. 44**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

## PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 727-740 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 12301-13000 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By The Principal Judge

**Read :**

*(1) Government of Gujarat, Legal Department, Sachivalaya, Gandhinagar, Notification No GK/29/2017/ MIS/102015/3108/D, dated 10-04-2017 [The Non-Judicial Officers and Staff of the Courts (Recruitment and Coditions of Service) Rules, 2017].*

*(2) Officer order No. Adm/845/2023 dated 08-11-2023 of Family Court, Surendranagar*

*(3) Officer order No. Adm/840/2026 dated 05-10-2026 of Family Court, Surendranagar*

**Revised Officer Order No. 61/2026**

No. Adm/977/2026.-The undersigned is pleased to pass the following posting order on the administrative ground, in the interest of public, administration and exigency of services with effect from 31-08-2026.

Mr. H. P. Tejwani, English Stenographer Grade-I (Group-A), Family Court, Surendranagar is appointed as Executive Assistant to the Principal Judge (Group-A), Family Court, Surendranagar in the pay scale of Rs. 67,700-2,08,700/- (Level-11) and posted as Executive Assistant to the Principal Judge (Group-A), Family Court, Surendranagar with effect from 01-09-2026 B.O.H.

Necessary note be made in the service book of the concerned employee.

Surendranagar, 05th October, 2026.

**M. D. Pandey**
Principal Judge
Family Court
Surendranagar

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે

### જાહેરનામું

નં. એમએજી/સી/૩૧૮-૧/૨૦૨૬.-આગામી દિવસોમાં જન્માષ્ટમી તહેવાર આવનાર હોય જે અન્વયે પોરબંદર ચોપાટી ગ્રાઉન્ડ ખાતે જન્માષ્ટમી લોકમેળાનું આયોજન તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ દિન-૫(પાંચ) સુધી યોજાનાર છે. જે અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુવ્યવસ્થિત રીતે ટ્રાફીક નિયમન થાય અને કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે નીચે જણાવેલ વિગતેના રસ્તાઓમાં તેમના નામ સામે જણાવેલ વાહનોને જણાવેલ સમયગાળા માટે અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ લાદતું, એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરતુ અને મેળા માટે આવતા વાહનો માટે પાર્કીંગની જગ્યા જાહેર કરતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./જન્માષ્ટમી/૧૬૮૬/૨૦૨૬, તા. ૩૧-૦૮-૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત અન્વયે ટ્રાફીક નિયમન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઈષ્ટ જણાય છે.

સબબ, હું એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે ટ્રાફીક નિયમન પ્રતિબંધ ફરમાવું છું.

| વાહન અવર-જવર પ્રતિબંધ | | | | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ક્રમ | રસ્તાનું નામ | કયા પ્રકારના વાહનો માટે | તારીખ તથા સમય | |
| ૧. | જુના ફુવારા થી સુરેશ ગાંધીના દવાખાનાના ચાર રસ્તા સુધી | ટુ વ્હીલર સિવાય તમામ વાહનો પ્રવેશ બંધ | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | આ જાહેરનામામાં મેળાના આયોજનમાં સંકળાયેલા અને કાર પાસ વાળા વાહનો તથા સરકારી/અર્ધસરકારી વાહનો તેમજ બીમાર/અશકત/અપંગ માણસોને લઈ જતા વાહનોને મુકતી આપવા અને એસ.ટી. બસો કર્લીના પુલ તરફથી આવતી તથા જયુબેલીના પુલ તરફથી આવતી તમામ બસો રાણીબાગ હેડ પોસ્ટ ઓફીસ થઈ બસ ડેપોએ આવવાનું રહેશે. |
| ૨. | નવા ફુવારા થી હેડ કવાર્ટર ગેઈટ સુધી | ટુ વ્હીલર સિવાય તમામ વાહનો પ્રવેશ બંધ | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૩. | દદુના જીમથી રીલાયન્સ ફુવારા સુધી | તમામ પ્રકારના વાહનો | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૪. | એસ.ટી. સર્કલથી રીલાયન્સ ફુવારા થી ઓશીયોનિક હોટલ થી કનકાઈ મંદિર સુધી | તમામ પ્રકારના વાહનો | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૫. | ચોપાટી મેળા મેદાનમાં પ્રવેશવાના તમામ ગેઈટ થી અંદર લઈ જવા કે બહાર લઈ જવાની મનાઈ. | તમામ પ્રકારના વાહનો | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |

| વાહન અવર-જવર પ્રતિબંધ | | | | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ક્રમ | રસ્તાનું નામ | | કયા પ્રકારના વાહનો માટે | તારીખ તથા સમય | |
| ૬. | જયુબેલી પુલ ચાર રસ્તાથી પોરબંદર સીટી તરફ અંદર આવતા જયુબેલી પુલ તરફ આવતો રસ્તો | | ટુ-વ્હીલર તેમજ થ્રી વ્હીલર વાહન સિવાયના તમામ વાહનો (ફોર વ્હીલર, બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો) નો પ્રવેશ બંધ | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | તમામ મોટા વાહનો રોકડીયા હનુમાન તરફ જતા રસ્તાથી નરસંગ ટેકરી થઈ પોરબંદર સીટીમાં પ્રવેશ કરી શકશે. (ઈમરજન્સી વાહન માટે છુટ) |
| ૭. | જયુબેલી ચાર રસ્તાથી આવેલ સતીમાના મંદિર પાસે આવેલ બંદર તરફ જતો રસ્તો | | ટુ-વ્હીલર તેમજ થ્રી વ્હીલર વાહન સિવાયના તમામ વાહનો (ફોર વ્હીલર, બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો) નો પ્રવેશ બંધ | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | તમામ મોટા વાહનો રોકડીયા હનુમાન તરફ જતા રસ્તાથી નરસંગ ટેકરી થઈ પોરબંદર સીટીમાં પ્રવેશ કરી શકશે. (ઈમરજન્સી વાહન માટે છુટ) |
| ૮. | માર્કેટ યાર્ડ પાસે આવેલ કડીયા પ્લોટ તરફ જતા ખોડીયાર મંદીરવાળો રસ્તો | | ટુ-વ્હીલર તેમજ થ્રી વ્હીલર વાહન સિવાયના તમામ વાહનો (ફોર વ્હીલર, બસ, ટ્રક સહિત અન્ય મોટા વાહનો) નો પ્રવેશ બંધ | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | તમામ મોટા વાહનો રોકડીયા હનુમાન તરફ જતા રસ્તાથી નરસંગ ટેકરી થઈ પોરબંદર સીટીમાં પ્રવેશ કરી શકશે. (ઈમરજન્સી વાહન માટે છુટ) |
| **એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરવા** | | | | | |
| ૧. | કમલાબાગથી જુના ફુવારા સુધી ફકત પ્રવેશ આવવા માટે વનવે | ૧. | રીક્ષા (થ્રી વ્હીલર તમામ) | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| | | ૨. | લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો) | | |
| ૨. | સ્ટેશન ચોકીથી રામ ગેસ્ટ હાઉસ સુધી ફકત પ્રવેશ આવવા માટે વનવે | ૧. | રીક્ષા (થ્રી વ્હીલર તમામ) | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| | | ૨. | લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો) | | |
| **નો પાર્કીંગ ઝોન** | | | | | |
| ૧. | પેરેડાઈઝ ફુવારાથી જી.એમ.બી. સર્કલ સુધી રોડ પર તથા ફુટપારી પર | | કોઈપણ વાહન પાર્ક કરવું નહી. | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૨. | જી.એમ.બી સર્કલથી હાર્મોની ફુવારા સુધી રોડ પર તથા ફુટપારી પર | | કોઈપણ વાહન પાર્ક કરવું નહી. | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| ૩. | રામ ચા ચાર રસ્તાથી એસ.ટી. સર્કલ થી રીલાયન્સ ફુવારાથી લોર્ડસ હોટેલથી વીલા સર્કીટ હાઉસ નં. ૧ સુધી | | કોઈપણ વાહન પાર્ક કરવું નહી. | તા. ૦૩-૦૯-૨૦૨૬ થી તા. ૦૭-૦૯-૨૦૨૬ (દિવસ-૫) સુધી સવારના કલાક ૧૦-૦૦ થી રાત્રિના ૦૧-૦૦ સુધી | |
| **પાર્કીંગ વ્યવસ્થા** | | | | | |
| ૧. | જયુબેલીના પુલ તરફથી આવતા ટુ વ્હીલર તથા થ્રી વ્હીલર માટેનું પાર્કીંગ | | પુર્ણીમા લોજ પાસેથી જુની કોર્ટ કમ્પાઉન્ડના દક્ષિણ તરફના ગેઈટથી પ્રવેશ કરી અને કોર્ટ કમ્પાઉન્ડમાં પાર્ક કરશે અને ત્યાથી વાહન ઉતર તરફના ગેઈટથી બહાર કાઢી રામઝરૂખા વાળા રસ્તે થઈ હરીશ ટોકીઝ પાસેથી બહાર જશે. તથા સ્મશાન પાસે આવેલ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ પાર્કીંગમાં પાર્ક કરશે. | |
| ૨. | માધવપુર તરફથી આવતા વાહનો થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ | | વીર ભનુની ખાંભીથી જુરીબાગ કૈલાશ ગેરેજ થઈ કનકાઈ મંદિરે ખાતે પાર્ક કરશે. હેવી વ્હીલર ટ્રક જેવા વાહનો બિરલા કામદાર કલ્યાણ કેન્દ્રની પાછળ પાર્ક થશે. | |
| ૩. | કર્લીના પુલ તરફથી આવતા વાહનો થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ | | ગોઢાણીયા સ્કુલ ગ્રાઉન્ડમાં વાહનો પાર્ક કરશે. હેવી વ્હીકલ ટ્રક જેવા વાહનો બિરલા કામદાર કલ્યાણ કેન્દ્રની પાછળ પાર્ક કરશે. | |
| ૪. | તમામ ટુ વ્હીલર વાહનોનું પાર્કીંગ | | પોલીસ હેડ કવાર્ટરની સામે આવેલ ડોગ સ્કોવડના ગ્રાઉન્ડ પાર્કીંગમાં તેમજ નવા ફુવારા પાસે અમીધારા ચા સામે આવેલ પાર્કીંગ તેમજ નવા ફુવારા પાસે આવેલ આશીર્વાદ હોસ્પીટલ પાસે પાર્કીંગ તથા જાડેજા સાહેબના દવાખાના સામે સોની જ્ઞાતીની વંડી ખાતે પાર્કીંગ તેમજ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરની પાછળ પાર્કીંગ તેમજ જુની હેડ પોસ્ટ ઓફીસના ગ્રાઉન્ડમાં પાર્કીંગ તેમજ વસંતજી ખેરાજ સ્કુલના ગ્રાઉન્ડમાં પાર્કીંગ તેમજ બિરલા હોલના કમ્પાઉન્ડના પાર્કીંગ પર વાહનો પાર્ક કરવાના રહેશે. | |

| વાહન અવર-જવર પ્રતિબંધ | | | | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ક્રમ | રસ્તાનું નામ | કયા પ્રકારના વાહનો માટે | | તારીખ તથા સમય | |
| જન્માષ્ટમીના દિવસે તા. ૦૪-૦૯-૨૦૨૬ ના રોજ નીચે મુજબાન સ્થળે એકમાર્ગીય રસ્તો જાહેર કરવા બાબત | | | | | |
| ૧. | પોરબંદર દરીયાકાંઠે ગોવિંદ ટી.ટી.ના ઘરથી બંદર રોડ પોલીસ ચોકી સુધીનો રસ્તો (ગોવિંદ ટી.ટી. ના ઘરથી પ્રવેશ બંધ) | ૧. | ટુ વ્હીલર તમામ | તા. ૦૪-૦૯-૨૦૨૬ ના કલાક ૧૦-૦૦ થી ૨૦-૦૦ સુધી | |
| | | ૨. | થ્રી વ્હીલર તમામ | | |
| | | ૩. | લાઈટ મોટર વ્હીકલ | | |

આ મેળાના આયોજનમાં સંકળાયેલ ફરજ પરના અને કારપાસ વાળા વાહનો, સરકારી/અર્ધ સરકારી વાહનો, બિમાર/અશકત/દિવ્યાંગ માણસોને લઈ જતા વાહનોને આ જાહેરનામાનો પ્રતિબંધ લાગુ પડશે નહી.

એસ. ટી. ની બસો જે કર્લીના પુલ તરફથી આવતી તથા જયુબેલીના પુલ તરફથી આવતી તમામ બસો રાણીબાગ હેડપોસ્ટ ઓફીસ થઈ એસ. ટી. ડેપોએ આવશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૩૧-૦૮-૨૦૨૬ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

**એસ. ડી. ધાનાણી**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલઆઈબી/BNSS-163/જાહેરનામું/૩૪૭૯/૨૦૨૬, તા. ૧૦-૦૬-૨૦૨૬.

## જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૬૫૭/૨૦૨૬.-(૧) વંચાણે લીધા ક્રમ-૧ ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૦-૦૬-૨૦૨૬ ના પત્ર નં. એલઆઈબી/BNSS-163/જાહેરનામું/૩૪૭૯/૨૦૨૬ થી અમરેલી જિલ્લામાં ગત તા. ૧૭-૦૪-૨૦૨૬ ના રોજ મહેશભાઈ પ્રેમજીભાઈ રાઠોડ, રહે. ગોપાલગ્રામ, તા. ધારી વાળાને અમરેલીના ભરતભાઈ આચાર્ય સાથે માથાકુટ થયા બાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ હોય, જે બાબતે અનુ.જાતિનાં લોકો દ્વારા તેઓની જુદી-જુદી માં ગણીઓ અન્વયે આજદિન સુધી કાર્યવાહી થયેલ ન હોવાનો આક્ષેપ કરી, ગુનાની ઉચ્ચ સ્તરીય તપાસ, FIR માં B.N.S. ની કલમ-૧૦૩(૧) અને SCST એકટ કલમ ૩ (૨) (V) નો ઉમેરો. એસ.આઈ.ટીની રચના, તેમજ મૃતદેહનુ ભારત સરકારની સેન્ટ્રલ એફ.એસ.એલ. હૈદરાબાદની વડી કચેરી દ્વારા રી-પી.એમ. કરવામાં આવે, તેવી વિવિધ માંગણીઓ બાબતે રજુઆત કરેલ છે તેમજ તેઓની માંગણી સંતોષવામાં નહીં આવે, તો મરણ જનારનો મૃતદેહ તેના વતન ગોપાલગ્રામ, તા. ધારી ખાતે દફનાવેલ હોય, જે બહાર કાઢી કલેક્ટર કચેરી, અમરેલી ખાતે લઈ જઈ આંદોલન કરવાની ચિમકી આપેલ છે.

તેમજ તા. ૨૬-૦૫-૨૦૨૬નાં રોજ અમરેલી તાલુકાનાં મોટા આંકડીયા ગામે તળાવો ઉંડા કરવાની કામગીરી દરમ્યાન મોટા આંકડીયા ગામના અનુ.જાતિ સમાજના લોકોએ કામગીરી બંધ કરાવતા અનુ.જાતિનાં લોકો તથા અન્ય જ્ઞાતિના લોકો વચ્ચે મારામારીનો બનાવ બનેલ હોય, જે અંગે અમરેલી તાલુકા પો.સ્ટે.માં ક્રોસ ગુનાઓ દાખલ થયેલ હતા. ઉપરોકત બનાવ સબંધે અનુ.જાતિ સમાજ તથા અન્ય સમાજનાં લોકો વચ્ચે વૈમનસ્ય ઉભુ થયેલ હોય, જેથી તેઓ દ્વારા અવાર-નવાર આવેદનપત્રો તથા રજૂઆતો કરવામાં આવે છે.

જેથી, ઉપરોકત બાબતે જિલ્લામાં વિવિધ સંગઠનો દ્વારા ઉપરોકત બનાવો તેમજ અન્ય બનાવો બાબતે રેલી/આવેદનપત્ર/ધરણા અંગેના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. જે કાર્યક્રમો દરમ્યાન રાજયમાં તેમજ અમરેલી જિલ્લામાં ગંભીરત પ્રકારના રાયોટીંગના બનાવો તેમજ સરકારી માલ મિલ્કતોને ખુબજ મોટા પ્રમાણમાં નુકશાન કરવના બનાવો બનવાની સંભાવના નકારી શકાય તેમ ન હોય, જેથી આવા ગંભીર બનાવો બનવા ન પામે અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે માટે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાણ સારૂ ચાર કે તેથી વધુ ઈસમોને ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવતું કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ યોગ્ય સત્તાની પરવાનગી વિના કોઈપણ પ્રકારનાં આંદોલન સારૂ ભેગા થવા પર તથા ચાર કે તેથી વધુ ઈસમોને ભેગા થવ પર પ્રતિબંધ ફરમાવતું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું તા. ૧૦-૦૬-૨૦૨૬ થી દિન-૧૫ માટે પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

ઉકત દરખાસ્તની વિગતે જિલ્લામાં વિવિધ સંગઠનો દ્વારા ઉપરોકત બનાવો તેમજ અન્ય નબાવો બાબતે રેલી/આવેદનપત્ર/ધરણા અંગેના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. જે કાર્યક્રમો દરમ્યાન રાજયમાં તેમજ અમરેલી જિલ્લામાં ગંભીર પ્રકારના રાયોટીંગના બનાવો તેમજ સરકારી માલ મિલ્કતોને ખુબજ મોટા પ્રમાણમાં નુકશાન કરવાના બનાવો બનવાની સંભાવના નકારી શકાય તેમ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અન્ય વ્યવસ્થા જળવાઈ રહે અને નાગરીકોને કોઈ અગવડતા ન પડે તે હેતુથી ભારતીય નાગરીક સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, હું દિલિપસિંહ ગોહિલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૧૫-૦૬-૨૦૬ (બંને દિવસો સહીત) દિન-૦૫ સુધી અમરેલી લિના

સમગ્ર વિસ્તારમાં ૦૪(ચાર) કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ પ્રતિક ઉપવાસ/ધરણા/આવેદનપત્રો/રેલી/સભા સરઘસ કાઢવા બાબતેનાં કાર્યક્રમો સક્ષમ અધિકારીશ્રીની જરૂરી પૂર્વ મંજુ રી મેળવ્યા બાદ યોજવાના રહેશે. તેમજ નીચે મુજબનાં કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવું છું.

**પ્રતિબંધ :**

G. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સૂત્રો પોકારવા નહી.

H. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહિ.

I. કોઈ પણ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ અથવા માનવ શરીરને નુકશાન થાય તેવા ઝેરી પદાર્થ સાથે રાખવા નહિ.

**અપવાદ :**

G. લગ્ન પ્રસંગ કે કોઈ ધાર્મિક વિધિ કે સ્મશાનયાત્રા જેવા પ્રસંગોને લાગુ પડશે નહિ.

H. સરકારી ફરજ પરનાં અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ/કરાર આધારીત કર્મચારીઓને લાગુ પડશે નહીં.

I. શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહી.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૧૫-૦૬-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરનાં કોઈ પણ પોલીસ વિભાગનાં હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સબ સબંધિત ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીઓએ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે નકલ ચોંટાડી તેમજ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આજ તા. ૧૦-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે જુન, સને ૨૦૨૬.

**દિલિપસિંહ ગોહિલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

---

## ORDER

### (Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

### Blue Flag No Plastic Zone

### (Shivrajpur Beach)

No. DBD/0793/09/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre length area from the designated Beach area at Shivrajpur has been identified as "No Plastic Zone" (area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach). A "No Plastic Zone" is the place where tourists or visitors are Strictly restricted to use Plastic within the 5 kilometre areas of the designated Beach and vendors are completely restricted to sale plastic within this zone.

Now, there, in exercise of the powers conferred upon me by Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, M. V. Desai, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict plastic use and saling of plastic items within the area besides light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which lead to increasing of plastic waste/plastic pullution can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 22-09-2026 up to 20-11-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that Using and saling of Plastic items within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as "No Plastic Zone".

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under section 223 of the Bharatiya Nyaya Sahita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 22nd September, 2026.

---

## ORDER

### (Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

### Blue Flag No Campaign & Dumping Zone

### (Shivrajpur Beach)

No. DBD/0795/09/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre length area from the designated Beach area at Shivrajpur has been identified as "No Compaign & Dumping Zone" (area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landwards from the HTL. A "No Compaign & Dumping Zone" is the place where tourists/visitors/local Citizens/Vendors/Campaigner are strictly restricted to use the areas for Campaigning or Dumping within the 5 square kilometre areas of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, M. V. Desai, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict Campaigning and Dumping within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which lead to promote Campaigning and Dumping of any kind of materials can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 22-09-2026 up to 20-11-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities Council and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that Campaigning and Dumping within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as "No Campaigning & Dumping Zone".

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 22nd September, 2026.

---

## ORDER

### (Under Section 163 of Bhartiya Nagrik Suraksha Sanhita 2023)

### Blue Flag Bathing Zone

### (Shivrajpur Beach)

No. DBD/0796/09/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 300 meters at Shivrajpur Beach has been identified as "Safe Swim Haven" i.e. between the dual colours flags (red & orange) after detailed and through survery of the beach by expert agencies. A "Safe Swim Haven" is the safest place of the beach where the conditions are most favourable to swimmers & bathers.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023, I, M. V. Desai, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to use this area duly cordon off with ropes & buoys for bathing & swimming purposes only. No other activities such as water sports and/or fishing can undertaken in this designated bathing area".

This order shall come into force with immediate effect from 22-09-2026 up to 20-11-2026 and shall be effective for this particular Dates unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita-2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the offices of the Municipal Council and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that No other activities such as water sports and/or fishing can be undertaken in this designated bathing area of 300 mts at Shivrajpur beach, Devbhumi Dwarka.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 22nd September, 2026.

---

## ORDER

### (Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

### Blue Flag No Transport Zone

### (Shivrajpur Beach)

No. DBD/0794/09/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre area and up to 300 metre towards landward from the HTL from the designated Beach area at Shivrajpur has been identified as "No Transport Zone" (area

nearby the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landward from the HTL). A "No Transport Zone" is the place where tourists or visitors are strictly restricted to use public or personal or private vehicle transportation within the 5 Square Kilometre areas and up to 300 metre towards landward from the HTL of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, M. V. Desai, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

''Public is hereby adivsed to restrict to use or drive any public or personal or private vehicles within the area besides the light house (Surve no. 58) to the end of Bay-2 point of the Sivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which concerned with the driving of any motor vechicles can be undertaken in this designated area''.

This order shall come into force with immediate effect from 22-09-2026 up to 20-11-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilinbual sign boards mentioning that Using or driving any public or personal or private vehicles within the area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as ''No Transport Zone''.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 22nd September, 2026.

**M. V. Desai**
Additional District Magistrate
Devbhumi Dwarka

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૪૮૭(૨/૫)/હ.બં.જા.ના/સપ્ટેમ્બર-ઓકટોબર/૨૬.-આગામી સપ્ટેમ્બર/૨૦૨૬-ઓકટોબર/૨૦૨૬ના માસ દરમિયાન તા. ૨૫-૦૯-૨૦૨૬ ના અનંત ચતુર્દશી, તા. ૨૬-૦૯-૨૦૨૬ ના ભાદરવી પુનમ, તા. ૨૯-૦૯-૨૦૨૬ ના સંકષ્ટ ચતુર્થી, તા. ૦૨-૧૦-૨૦૨૬ ના મહાત્મા ગાંધી જયંતી, તા. ૧૧-૧૦-૨૦૨૬ના નવરાત્રી પ્રારંભ, તા. ૧૪-૧૦-૨૦૨૬ના વિનાયક ચતુર્થી, તા. ૧૭-૧૦-૨૦૨૬ના જૈન અઠ્ઠાઈ પ્રારંભ તથા તા. ૨૧-૧૦-૨૦૨૬ના દશેરા વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા છે. આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/હ.બં.જા.ના./૪૧૨૯/૨૦૨૬, તા. ૧૮-૦૯-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે અનુસાર જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમા દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૪-૦૯-૨૦૨૬ થી તા. ૨૩-૧૦-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી કોઈએ,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, છરી, કુંહાડી, ધારીયા, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(ચ) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(છ) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલ કે ઓડીટોરીયમ કે નાટય ગૃહ તથા ટાઉન હોલમાં પ્રવેશવું નહીં.

**: પરિશિષ્ટ :**

**''ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''**

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉત્તરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૧-૦૯-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

**એન. ડી. ગોવાણી**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૧૮૫૫/૨૦૨૬.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોના ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ અકમાર્ગીય પ્રવેશ કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટ હાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૧૮-૦૯-૨૦૨૬ ના પત્ર ક્રમાંક-ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૨૦૨૬થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂ એ હું, પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન)થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ દરમ્યાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૪) ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન-વાત્સલ્ય વુમન કેર-મોચી સમાજની વાડી-વડોદરીયા હોસ્પીટલ-પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૨૧-૦૯-૨૦૨૬ થી તા. ૨૦-૧૦-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૯-૦૯-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૧૮૬૧/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે.

જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૨-૦૯-૨૦૨૬ થી તા. ૦૬-૧૦-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસૂચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૧-૦૯-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૯૩૪/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ ઓકટોબર-૨૦૨૬ તથા આગામી નવેમ્બર-૨૦૨૬ના માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતિ જાળવવા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં

તા. ૦૯-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૧-૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત)

(ક) કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

૧(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની

(ચ) લોકોએ ભુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૫-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

## જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૧૯૩૩/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૦૭-૧૦-૨૦૨૬ થી તા. ૨૧-૧૦-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસૂચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૫-૧૦-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૯૩૨/૨૦૨૬.-નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં. ૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા. ૧૩-૦૧-૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવેલ છે. વધુમાં ગૃહ વિભાગના તા. ૧૭-૦૯-૨૦૨૫ના પરિપત્ર નં. HD/MIS/e-file/8/2025/778/SB2 થી આ કામે જાહેરનામું બહાર પાડવા સૂચના થયેલ છે. જેથી આર્થિક ફાયદા સારૂ માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી વખતે વપરાતાં ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવામાં આવતુ હોવાથી દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી પ્રતિબંધિત જાહેરનામુ બહાર પાડવુ આવશ્યક જણાય છે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ આથી હું પી. એલ. ઝણકાત (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવે છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર હંગામી પ્રતિબંધ મૂકું છું.

સદરહુ હુકમ તા. ૨૫-૧૦-૨૦૨૬ થી તા. ૨૪-૧૧-૨૦૨૬ સુધી (બન્ને દીવસો સુધ્ધા) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામુ જાહેર વિસ્તારોમાં સહેલાયથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૫-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામુ બહાર પાડેલ છે.

બોટાદ, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

**પી. એલ. ઝણકાત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

---

**વિષય :** તરણેતર ખાતે આવેલ ત્રિનેત્રેશ્વર મહાદેવનાં મંદિર ખાતે યોજાનાર મેળા અંગે વિવિધ બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબત.

**વંચાણે :** પોલીસ અધિક્ષકશ્રીના તા. ૦૭-૦૯-૨૦૨૬ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૭૦૩/૨૦૨૬.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/તરણેતર મેળો/૨૦૨૬/વશી-૩૮૩૦ થી ૩૮૬૨.- આગામી તા. ૧૪-૦૯-૨૦૨૬ થી તા. ૧૭-૦૯-૨૦૨૬ ના સમયગાળા દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામ ખાતે સુપ્રસિધ્ધ લોકમેળાનું આયોજન થનાર છે. આ લોકમેળો માણવા ગુજરાત ભરમાંથી તથા દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ તથા વી.વી.આઈ.પી.શ્રીઓ પણ

આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ પ્રવાસીઓની સુરક્ષા-સલામતી માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા વંચાણવાળા પત્રથી વિવિધ મુદ્દાઓ અંગે નિયંત્રણો મુકવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, વી. ડી. સાકરીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ થી અમોને મળેલ અધિકારની રૂએ તા. ૧૪-૦૯-૨૦૨૬ થી તા. ૧૭-૦૯-૨૦૨૬ (બન્ને તારીખ સહિત) માટે નીચે જણાવેલ વિગતે પ્રતિબંધ ફરમાવું છું કે,

**૧) થાનગઢ નગરપાલીકા વિસ્તારમાં વાહન પ્રવેશબંધી**

- થાનગઢ ખાતે ખાખરાળી ચોકડીથી રેલ્વે તરફ ભારે વાહનોને પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાઉ છું.
- થાનગઢ ખાતે સેતુ ગેસ એજન્સી તથા જકાતનાકાથી નગરપાલીકા તરફ ભારે વાહનોને પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

**૨) થાનગઢ નગરપાલીકા વિસ્તારમાં એક માર્ગીય રસ્તો જાહેર કરવા અંગે.**

- થાનગઢ નેશનલ કાંટાથી બુધ્ધ વિહાર ફાટક, સુર્યા ચોક થઈ તરણેતર જતા રસ્તાને એકમાર્ગીય જાહેર કરુ છું.
- તરણેતરથી તરણેતર વીડ, નવાગામ, સારસાણા થઈ થાન-વાકાનેર રોડ એકમાર્ગીય જાહેર કરુ છું.

**૩) તરણેતર મેળામા આવવા જવા અંગે રસ્તાઓ ડાયવર્ટ કરવા અંગે.**

- સુરેન્દ્રનગર-મુળી થી તરણેતર મેળામા જતા વાહનો વગડીયા ફાટક થઈ ખાખરાથળ, કાનપર થઈ તરણેતર જતા રસ્તાને ડાયવર્ટ જાહેર કરુ છું.
- સુરેન્દ્રનગર-મુળીથી વગડીયા ફાટક થઈ ખાખરાથળ, કાનપર થઈ તરણેતર આવેલ વાહનો પરત થવા માટે તરણેતર વીડ, નવાગામ, સારસાણા થઈ થાન-વાકાનેર રોડ ઉપર થઈ થાન ખોડીયાર મંદીર, હાઈસ્કુલ ત્રણ રસ્તા થઈ મુળી-સુરેન્દ્રનગર તરફ જશે જેથી આ રસ્તાને ડાયવર્ટ જાહેર કરુ છું.
- વગડીયાથી થાન તરફ જતા વાહનો થાનગઢ ખારાના ફાટક થઈ તરણેતર રોડ, કશીશ પેટ્રોલપંપ પાસેથી તરણેતર તરફ જશે અને આ વાહનો તરણેતરથી પરત આવવા માટે તરણેતર વીડ, નવાગામ, સારસાણા થઈ થાનગઢ-વાકાનેર રોડ થઈ પરત જશે જેથી આ રસ્તાને ડાયવર્ટ જાહેર કરુ છું.

**૪) તરણેતર મેળા સ્થળ ખાતે વાહન પ્રવેશ પ્રતિબંધ, નો-પાર્કીંગ અને વોકીંગ ઝોન અંગે.**

- થાનગઢ તરફથી મેળાના મુખ્ય પ્રવેશ દ્વારની બહાર સુધી વાહનો આવી શકશે અને મુખ્ય પ્રવેશ દ્વારથી મેળા તરફ કોઈપણ વાહનની પ્રવેશ બંધી જાહેર કરુ છું.
- ધ્રાંગધ્રા તરફથી મેળામાં આવતા વાહનો તરણેતર મેળા ખાતે બનાવેલ ધ્રાંગધ્રા બસ સ્ટેશન સુધી આવી શકશે ત્યાથી આગળ મેળા તરફ પ્રવેશી બંધી જાહેર કરુ છું.
- મુળી તરફથી આવતા વાહનો મેળાના પાછળના ભાગે મેળાની બહાર સુધી આવી શકશે અને ત્યાંથી આગળ મેળા તરફ પ્રવેશી બંધી જાહેર કરુ છું.
- તરણેતર મેળામાં ઉપર જણાવ્યા મુજબના સ્થળથી મેળા તરફ ઈમરજન્સી વાહનો, એમ્બ્યુલન્સ, પોલીસ વાહનો તથા જે વાહનોને પ્રવેશ અંગેના પાસ આપેલા હશે તેવા વાહનો સિવાય કોઈપણ પ્રકારના વાહનો મેળામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.
- તરણેતર મેળા ખાતે (૧) પોલીસના સરકારી વાહનોનું પાર્કીંગ પોલીસ આઉટ પોસ્ટની બાજુમા (૨) તમામ સરકારી વાહનોનું પાર્કીંગ પોલીસ કેમ્પસની સામેના ઢાળ ઉપર (R&B) ઓફિસની બાજુમાં (૩) ટુરીઝમ ખાતે આવેલ પાર્કીંગમાં ઝોન નકકી કરેલ છે.
- ઉકત નકકી કરેલ ત્રણ પાર્કીંગ સીવાય તરણેતર મેળાની અંદરના ભાગે કોઈપણ વાહનો પાર્ક ન કરે તે માટે ''નો-પાર્કીંગ ઝોન'' વિસ્તાર જાહેર કરુ છું.
- તરણેતર મંદિરમાં પ્રવેશવાનો દક્ષિણ તરફનો દ્વાર પુરૂષો માટે તેમજ પૂર્વ તરફનો દ્વાર સ્ત્રીઓ માટે આવવા-જવા માટે જાહેર કરું છું.
- તરણેતર લોકોમેળામાં યોજાનાર રમત-ગમત હરીફાઈમાં હથિયારોની હરીફાઈ જેવી કે તલવારબાજી, લાકડીઓના દાવ જેવા હથિયારોની હરીફાઈઓ રાખવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**૫) ખાનગી પાર્કીંગ વ્યવસ્થા વાળાઓ દ્વારા નિયત કરેલ પાર્કીંગ ભાડા અંગે.**

- ખાનગી પાર્કીંગ વ્યવસ્થા વાળાઓ નિયત કરેલ પાર્કીંગ ભાડુ વસુલ કરે અને વાહનની સલામતી માટે પાકી પહોંચ બુક તારીખ/ટાઈમ વાળી વાહન પાર્કીંગ માલીકોએ છપાવવાની રહેશે. પહોંચ ઉપર વાહનના રજીસ્ટ્રેશન નંબર તથા વાહનનો પ્રકાર દર્શાવવાનો રહેશે. સ્થળ પર વાહન માલીકને વાહન પાર્ક કર્યા અંગેની અસલ પહોંચ આપી તે પહોંચની એક નકલ પાર્કીંગ સ્થળના માલીક પાસે રહે તેમજ ૪×૪ ફુટ નું મોટુ પાર્કીંગ બોર્ડ જાહેરમાં બધાને દેખાય તે રીતે પાર્કીંગ માલીકોએ મુકવાનું રહેશે અને તેની નીચે તમામ પ્રકારના વાહનોના ઓછામાં ઓછા આઠ કલાકના તેમજ તથી વધુ સમય માટેના પાર્કીંગ દર લખવા જેથી સામાન્ય વાહન ચાલકને ખ્યાલ આવી શકે. ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**૬) વાહનની સ્પીડ લીમીટ અંગે.**

- તરણેતર લોકમેળો માણવા માટે ટુ વ્હીલર, થ્રી વ્હીલર તથા ભારે વાહનો તેમજ કારો (નાની ગાડી) તેમજ પેસેન્જર વાહનોની ખુબ મોટા પ્રમાણમાં અવર-જવર થવાની હોય અને વાહનોની સ્પીડના કારણે અકસ્માત થવાનો સંભવ રહે છે. જેથી વાહનો શાંતીથી પસાર થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી ટ્રાફિક નિયમનને નિયંત્રણમાં રાખવા માટે ચોટીલા, થાન, મુળી તેમજ ધ્રાંગધ્રા અને સરા તરફના રૂટ પરથી તરણેતર મેળામાં આવતા વાહનો ૨૦ કી.મી. ની પ્રતિ કલાકની સ્પીડથી ચલાવવા માટે **''સ્પીડ લીમીટ ઝોન''** જાહેર કરુ છું.

**૭) થાનગઢ HDFC બેન્કથી સુર્યા ચોક સુધીનો રસ્તો એક માર્ગીય તેમજ નો-પાર્કીંગ ઝોન જાહેર કરવા અંગે**

- તરણેતરના મેળામાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકો પોતાના વાહન લઈને આવતા હોય છે અને તે વાહનો HDFC બેન્ક થઈને આઝાદ ચોક થઈને બ્રીજ ઉપરથી પસાર થઈ સુર્યા ચોક સુધી પસાર થાય છે અને આ રસ્તો થાનગઢ શહેર વચ્ચેથી પસાર થતો

હોય અને ખૂબ સાકડો હોવાથી એક માર્ગીય તેમજ નો-પાર્કીંગ ઝોન તરીકે જાહેર કરવામા આવે તો ટ્રાફીક નિયમન જાળવી શકાય. જેથી આ રસ્તાને એક માર્ગીય તેમજ નો-પાર્કીંગ ઝોન જાહેર કરૂં છું.

આ જાહેરનામાંનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ મુજબનું જાહેરનામું ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તથા લોકો એકત્રિત થતા હોય તેવી કચેરીઓમાં તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, અખબારીયાદી રૂપે આપી તથા રેડીયો, ટેલીવીઝન, કેબલ ટીવી નેટવર્ક તથા રાજ્ય સરકારના ગેઝેટમાં બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.

આજ તારીખ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી આ જાહેરનામું બહાર પાડયું.

સુરેન્દ્રનગર, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

**વી. ડી. સાકરીયા (G.A.S.)**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(એન), ૩૬(ઈ)(એ), ૩૮ તથા ૩૩(૬) અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક:એસ.બી./૧૪/નવરાત્રી/જાહેરનામું/૫૮૨૮/૨૦૨૬.-રાજકોટ શહેરમાં દર વર્ષે નવરાત્રીનો તહેવાર ખુબ ઉત્સાહ અને ધામધૂમ પુર્વક ઉજવવામાં આવે છે. રાજકોટ શહેરમાં આ વર્ષે નવરાત્રી તહેવાર દરમ્યાન રાજકોટ શહેરમાં જાહેર જનતાને થતી હેરાનગતી અટકાવવા સારૂ પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશકુમાર ઝા, (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૩(એન), ૩૬(ઈ)(એ), ૩૮ તથા ૩૩(૬) મુજબ મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છુ કે,

**: પ્રતિબંધિત કૃત્ય :**

- રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૧૧-૧૦-૨૦૨૬ થી ૨૦-૧૦-૨૦૨૬ સુધી નવરાત્રીના દસ દિવસો તથા દશેરાનો એક દિવસ દરમ્યાન કોઈપણ ખાનગી કે જાહેર સ્થળે રાત્રીના કલાક ૧૨-૦૦ વાગ્યા પછી કોઈપણ રાસ-ગરબા કે કાર્યક્રમમા માઈક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહી,
- માઈક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ-૫(૩), કલમ-૬ ની જોગવાઈઓને આધીન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના જાહેરનામા ક્રમાંક : એફઈડી/આઈઆરટી/ઈ-ફાઈલ/૬/૨૦૨૪/૦૨૩૪/ટેક સેલ, તા. ૦૬-૦૭-૨૦૨૬ ની જોગવાઈ મુજબ નવરાત્રીના સમય દરમ્યાન રાત્રીના દસ વાગ્યાથી બાર વાગ્યા સુધી કરવાનો રહેશે. ત્યારબાદ કોઈ પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા નહી.

**: અમલવારીનો સમય તથા પ્રતિબંધ વિસ્તાર :**

તા. ૧૧-૧૦-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૧૦-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનારને વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ શહેરમાં ફરજ બજાવતા પો.હેડ કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરૂ છું.

**: જાહેર વિજ્ઞપ્તિ :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ રોજ તારીખ : ૦૮-૧૦-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૮ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

### સભા સરઘસ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૫૭૪૨/૨૦૨૬.-હાલના રાજકોટ શહેર ખાતેની કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ ધ્યાને લેતા રાજકોટ શહેરમાં નજીકના દિવસોમાં તહેવારો આવતા હોય જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોને ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ તેમજ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

પરવાનગી વગર જાહેર જગ્યા/રોડ ઉપર સામાન્ય સંજોગો સિવાય ચાર કરતા વધારે માણસોને કોઈ સભા બોલાવવા કે ભરવા ઉપર અને કોઈ પણ જાતની સભા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

**: અમલવારીના સમય તથા વિસ્તાર :**

આ હુકમનો અમલ તા. ૦૬-૧૦-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૧૦-૨૦૨૬ ના કલાક ૨૩-૫૯ સુધી પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી અંગેની શરતો :**

૧. સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી અંગે અરજદારે એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી.સી.પી.શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.શ્રીને દિન-૭ પહેલા અરજી કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે. અને આયોજક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાન જાહેર જગ્યામાં અથવા જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાન માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે તા. ૦૬-૧૦-૨૦૨૬ થી તા. ૧૦-૧૦-૨૦૨૬ સવાર કલાક ૦૬-૦૦ થી રાત્રી કલાક ૨૨-૦૦ સુધી તેમજ તા. ૧૧-૧૦-૨૦૨૬ થી તા. ૨૦-૧૦-૨૦૨૬ ના સવાર કલાક ૦૬-૦૦ થી રાત્રીના કલાક ૨૪-૦૦ સુધી જ રહેશે.

**નોંધ :** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળોએ ધાર્મિક/સામાજીક કે અન્ય કોઈ પણ પ્રકારની સભા કે કોઈ કાર્યક્રમ કરવા અંગે કોઈ મંજુરી લેવાની જરૂરીયાત રહેતી નથી તેમજ મ્યુઝીક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૬. સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી દરમ્યાન માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવાની મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૭. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

**: અપવાદ :**

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૦૫-૧૦-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

**બ્રજેશ કુમાર ઝા**
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

---

## સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ દ્વારા

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) આઈ.એલ.આર.શ્રી, માળીયા(મી) પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/વરડુસર/૨૦૨૪, તા. ૧૭-૦૫-૨૦૨૪.

### જાહેરનામુ

નં. વહટ-૫૦/સ્વામિત્વ/LRC ૧૨૬ જાહેરનામું/સ્વામિત્વ/માળીયા(મી)/વરડુસર/૨૦૨૬.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના તા. ૨૪-૦૧-૨૦૨૨ વાળા ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના અને તા. ૧૦-૦૮-૨૦૨૨ વાળા ઠરાવથી સ્વામિત્વ યોજમોટા અમલીકરણના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ સ્વામિત્વ યોજનામાં સમાવવા પાત્ર રાજ્યના તમામ ગામોમા મહેસુલી સરવે દાખલ કરવાના હેતુથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-વરડુસર, તાલુકો માળીયા(મીં), જિલ્લો મોરબીમાં ડી.ઈ.લે.રેશ્રી, મોરબી દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી) માં (હે. ૦૦ આરે. ૦૦ ચો. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (સરકારી સર્વે નં.) માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ડ (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી) માં (હે. ૦ આરે. ૮૮ ચોમી. ૦૨) મળી કુલ ક્ષેત્રફળ હે. ૦ આરે. ૮૮ ચો.મી. ૦૨ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

**પત્રક-અ**

**મોજે વરડુસર, તા. માળીયા (મી), જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચોમી. |
|---|---|---|
| ૧ | નીલ | |
| કુલ | | ૦-૦૦-૦૦ |

**પત્રક-બ**

**મોજે વરડુસર, તા. માળીયા (મી), જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા બીનખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચોમી. |
|---|---|---|
| ૧ | નીલ | |
| કુલ | | ૦-૦૦-૦૦ |

**પત્રક-ક**

**મોજે વરડુસર, તા. માળીયા (મી), જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા સરકારી સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચોમી. |
|---|---|---|
| ૧ | નીલ | |
| કુલ | | ૦-૦૦-૦૦ |

**પત્રક-ડ**

**મોજે વરડુસર, તા. માળીયા (મી), જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચોમી. |
|---|---|---|
| ૧ | (ગામતળ) | ૦-૮૮-૦૨ |
| કુલ | | ૦-૮૮-૦૨ |

**તારીજ**

**મોજે વરડુસર, તા. માળીયા (મી), જિ. મોરબીના સ્વામિત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતી, બીનખેતી, સરકારી તથા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચોમી. |
|---|---|---|
| ૧ | પત્રક-અ | ૦-૦૦-૦૦ |
| ૨ | પત્રક-બ | ૦-૦૦-૦૦ |
| ૩ | પત્રક-ક | ૦-૦૦-૦૦ |
| ૪ | પત્રક-ડ | ૦-૮૮-૦૨ |
| કુલ | | ૦-૮૮-૦૨ |

મોરબી, ૨૭ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

**સહિ/- અવાચ્ય**
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ
મોરબી



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.10.29 15:19:37 IST